દાખલ તારીખ : ૧૮–૦૨–૨૦૨૬
રજીસ્ટર તારીખ : ૧૮–૦૨–૨૦૨૬
ફેસલ તારીખ : ૨૩–૦૩–૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ
૦૦– ૦૦ – ૦૫

**વસોના મુખ્ય સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક. શ્રીની કોર્ટમાં**

**કો.દ.નં.૧/૨૦૨૬**

**આંકઃ–**

દીનેશભાઈ ખોડાભાઈ પટેલ,
રહે.રામપુર, તા.વસો,જિ.ખેડા ................અરજદાર

**વિરૂધ્ધ**

(૧) રેખાબેન નીલેશભાઈ પટેલ તથા સગીર એક
રહે.રામપુર, તા.વસો,જિ.ખેડા ................સામાવાળાઓ

**વિષયઃ– અત્રેની અદાલતે રે.દી.મુ.નં.૧/૨૦૨૧ ના કામે કરેલ હુકમનામાની બજવણી કરવા અંગેની દરખાસ્ત અરજી.**

=========================================================

વાદી તરફેઃ – વિદ્વાન વકીલશ્રી આર.બી.પ્રજાપતી

પ્રતિવાદી તરફેઃ – ----

=========================================================

**જ જ મે ન્ટ**

**(૧)** હાલના કામે દરખાસ્તના લેણદાર તેવા વાદી તરફે હાલની દરખાસ્ત દાખલ કરી અત્રેની અદાલતે રે.દી.મુ. નં.૧/૨૧ ના કામે કરેલ તા.૨૩/૦૪/૨૦૨૫ ના રોજનો હુકમ તથા હુકમનામું અમલ કરાવવા અંગેની રજૂઆત કરેલ છે. અત્રેની અદાલતે તા.૨૩/૦૪/૨૦૨૫ ના રોજ હાલની દરખાસ્તના લેણદાર તેવા વાદીનો દાવો અંશત: મંજુર કરેલ છે. તેમજ મોજે રામપુર તા.વસો, જિ.ખેડા ખાતે આવેલ પંચાયત મિલકત નં.૪૭૯ ની પછી આવેલ નવેરા થકી પ્રતિવાદીની મિલકતની પશ્ચિમે થઈ વરસાદી પાણીનો નિકાલ કરવાની સુખાધિકાર આપેલ હોવાનું ઠરાવી પ્રતિવાદી આ વરસાદી પાણીનો નિકાલ થાય છે ત્યાં કોઈ પણ બાંધકામ કરાવવા હકકદાર નથી અને પાણી તેમજ હવા–ઉજાસને અવરોધતુ જે કંઈ બાંધકામ પ્રતિવાદીએ કરેલ છે તે પોતાને ખર્ચે દિન–૬૦માં દૂર કરાવવાનો અને આ જગ્યાએ પાણી તથા હવા–ઉજાસ માટે ખુલી

રાખવાનો કરેલ છે પરંતુ પ્રતિવાદીએ ૬૦ દીવસ કરતા વધુ સમય વિતી ગયા છતાં અત્રેની અદાલતના હુકમનું પાલન કરેલ નથી જેથી હાલની દરખાસ્ત અત્રેની અદાલત સમક્ષ વાદીએ અત્રેની અદાલત દ્વારા મુખ્ય દાવાના પ્રતિવાદીને આંક-૫ તથા ૬ થી નોટિસ ઇશ્યુ કરેલ છે. જે નોટિસોની પ્રતિવાદીઓને ધોરણસર બજવણી થયેલ છે. તેમ છતાં પ્રતિવાદીઓ અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થઈ પોતાનો પક્ષ રજૂ કરેલ નથી. જેથી હાલની દરખાસ્તના લેણદાર એવા વાદીએ કોર્ટ કમિશ્નર મારફતે દબાણ દૂર કરવાની અરજી રજૂ કરેલ છે. અરજી તથા મુખ્ય દરખાસ્ત અરજીની સુનવણીઓ એકબીજાને સાથે કરવામાં આવેલ છે. જે મુજબ દરખાસ્તના લેણદાર દ્વારા કરવામાં આવેલ રજૂઆતો રેકર્ડ ઉપરથી ખરી હોવાનું જણાઈ આવતુ હોય અને મુળ દાવાના પ્રતિવાદી દ્વારા અત્રેની અદાલતના હુકમનું પાલન કરવામાં આવેલ ન હોય તેવું જણાઈ આવતું હોય કોર્ટ કમિશ્નરશ્રીની નિમણૂક કરી અત્રેની અદાલતના હુકમનું પાલન કરાવવાનું ન્યાયના હિતમાં ખૂબ જરૂરી જણાતું હોય નીચે મુજબનો હુકમ કરવો ઉચિત જણાઈ છે.

**- આ ખ રી હુ ક મ -**

**(૧)** રે.દી.મુ. નં.-૧/૨૦૨૧ ના વાદીની હાલની દરખાસ્ત અરજી મંજૂર કરવામાં આવે છે.

**(૨)** આથી મોજે રામપુર, તા.વસો ગ્રામપંચાયતના તલાટી કમ મંત્રીને હાલના કામે કોર્ટ કમિશ્નર તરીકે નિમણૂક કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) રે.દી.મુ. નં.-૧/૨૦૨૧ ના વાદી દ્વારા કોર્ટ કમિશ્નરશ્રીના મહેનતાણાની રકમ રૂ.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) જમા કરાવ્યેથી કોર્ટ કમિશ્નરશ્રીની તરફેણમાં કમિશ્નર પત્ર ઇશ્યુ કરવું.

(૪) આથી કોર્ટ કમિશ્નરશ્રીને હુકમ કરવામાં આવે છે કે, તેઓને કમિશ્નર પત્ર મળ્યેથી દિન-૧૫માં અત્રેની અદાલત દ્વારા રે.દી.મુ. નં.-૧/૨૦૨૧ ના કામે થયેલ હુકમનામાની યોગ્ય બજવણી કરી નામદાર કોર્ટના હુકમનું પાલન કરાવડાવી તે અંગેનો રિપોર્ટ અત્રેની અદાલત સમક્ષ કરવો.

(૫) કોર્ટ કમિશ્નરશ્રીને આથી હુકમ કરવામાં આવે છે કે તેઓને સ્થળ ઉપર કોઈ પણ પ્રકારનું બાંધકામ દૂર કરવા કે રસ્તો ખુલ્લો કરવા માટે જરૂરિયાત જણાઈ તે મુજબ માણસો તથા મશીનરીઓનો ઉપયોગ કરી હુકમનામાની બજવણી કરાવડાવી અને

તે અંગેનો ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ લેવો.

(૬) સમગ્ર બજવણી પ્રક્રિયાની પ્રતિવાદીના ખર્ચે વિડિયોગ્રાફી/ફોટોગ્રાફી કરી પંચો રૂબરૂ સમગ્ર કાર્યવાહી પૂર્ણ કરી અત્રેની અદાલત સમક્ષ પંચનામું તથા તે અંગેના વિડિયો/ફોટો રજૂ રાખવા.

(૭) સદર કાર્યવાહી અંગેની નોટિસ અગાઉથી પક્ષકારોને બજવણી કરી પક્ષકારોને પોતાના પંચો સહીત સ્થળ ઉપર હાજર રહેવા જાણ કરવી.

(૮) સ્થળ ઉપર કોઈ પણ પક્ષકાર કે અન્ય વ્યક્તિ બજવણી પ્રક્રિયામાં સહકાર આપતા ન હોય કે વિક્ષેપ ઉભો કરતા હોય તેઓને પંચો રૂબરુ યોગ્ય નોંધ કરી, સ્થળ ઉપરથી દૂર કરી બજવણીની પ્રક્રિયા પૂર્ણ કરવી.

(૯) કોર્ટ કમિશ્નરશ્રીને જો જરૂરી જણાય તો વસો પોલીસ સ્ટેશન ખાતે અરજી કરી નિયમાનુસાર પોલીસ પ્રોટેકશન સહિત હુકમનામાની અમલવારી પૂર્ણ કરવી.

(૧૦) હાલના હુકમનામાની અમલવારી અંગેનો તમામ પ્રક્રિયાનો ખર્ચ, દાવાનો ખર્ચ, કોર્ટ કમિશ્નરશ્રીના મહેનતાણાનો ખર્ચ આમ, તમામ પ્રકારના ખર્ચાઓ હાલના તબક્કે પ્રક્રિયાની સરળતા ખાતર વાદીએ ભોગવવા અને બજવણી પ્રક્રિયાના અંતે આ રકમ કોર્ટ કમિશ્નરશ્રીએ પ્રતિવાદી પાસેથી તેઓની મિલકત કે જાત ઉપરથી વસુલ લઈ લેવડાવી વાદીને ચૂકવી અપાવવી.

હુકમ આજ તા. ૨૩ મી માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

વસો.
તા.૨૩/૦૩/૨૦૨૬

( સૌમિત્ર સુબોધભાઇ ત્રિવેદી )
મુખ્ય સિવિલ જજ,
વસો. જીજે૦૧૪૨૫